# ડોકટર ઓફ ફાર્મસીનો ૬ વર્ષનો કોર્સ શરૂ થશે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,રવિવાર

વડોદરા નજીકના લીમડા ગામે આવેલા પારૂલ ગૃપ ઓફ ઈન્સ્ટિટ્યુટની ફાર્મસી ફેકલ્ટી ડોકટર ઓફ ફાર્મસીનો છ વર્ષનો અભ્યાસક્રમ શરૂ કરનારી રાજ્યની પ્રથમ કોલેજ બનશે. સ્નાતક કક્ષાએ ૩૦ બેઠકોની મંજુરી મળી ચુકી છે અને અનુસ્નાતક કક્ષાએ ફાર્મ. ડી. પોસ્ટ બેકલોરેટના કોર્સ માટેની ૧૦ બેઠકોની મંજુરી પણ મળી છે.

## ફાર્મસીનો કોર્સ શરૂ કરનાર પારૂલ રાજ્યની પ્રથમ કોલેજ : ઈજનેરીની વધુ ૪૨૦ બેઠક મંજૂર

ધોરણ ૧૨ પછી છ વર્ષના ડોકટર ઓફ ફાર્મસીમાં પ્રવેશ મળી શકશે. આ ઉપરાંત સંસ્થાને ફાર્મસીના પી.જી. કોર્સમાં ૨૦૧૦-૧૧ વર્ષથી ૧૨૬ વધુ બેઠકોની મંજુરી મળી છે. હવે કુલ ૧૬૨ બેઠકો રહેશે.

વળી, ચાલુ શૈક્ષણિક વર્ષથી સંસ્થાની પારૂલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં એન્જી. ડિગ્રી કોર્સમાં ૩૦૦ બેઠકોની અને પારૂલ ઈન્સ્ટિ. ઓફ એન્જી. એન્ડ ટેકનો. માં ડિગ્રી કોર્સમાં વધારાની ૧૨૦ બેઠકોની મંજુરી મળતાં કેમ્પસમાં રાજ્યની સૌથી વધુ ૧૦૨૦ બેઠકો ઉપલબ્ધ થશે. પી.જી. કોર્સમાં વધુ ૭૨ બેઠકોની મંજુરી મળતાં હવે પીજીની કુલ બેઠકો ૧૦૮ જેટલી થશે.

સંસ્થાને એમ.બી.એ. માટે પણ વધારાની ૨૪૦ બેઠકો મળતાં એમ.બી.એ.ના કોર્સની કુલ બેઠકો ૩૬૦ ઉપલબ્ધ થશે. ચાલુ શૈક્ષણિક વર્ષથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પારૂલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન શરૂ થશે, જેમાં બીબીએના કોર્સની ૧૫૦ બેઠકોની મંજુરી આપવામાં આવી હોવાનું સંસ્થાના ડાયરેકટરે જણાવ્યુ હતું.